કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

# દેતડ ગામના ખેડુતોની આર્તનાદ

# 20 વર્ષની અવગણના પછી સ્વમહેનતથી રસ્તો સુધારવાની શરૂઆત

**સાવરકુંડલા તાલુકાના દેતડ ગામમાં 20 વર્ષથી બીમાર રસ્તો: ગ્રામજનો કંટાળીને જાતે રીપેરની કામગીરી શરૂ, સરકારી અવગણના પર સવાલો**



સાવરકુંડલા તાલુકાના છેવાડે આવેલા દેતડ ગામના ગ્રામજનો અને ખેડૂતો 20 વર્ષથી એક જ આર્તનાદ કરી રહ્યા છે - તેમના ખેતરો અને નજીકના ભાક્ષી ભંડારીયા ગામને જોડતો એકમાત્ર રસ્તોની સ્થિતિ અત્યંત બેહાલ છે. ચોમાસાના ચાર મહિના દરમિયાન કાદવ-કીચડની સ્થિતિ એટલી ખરાબ થઈ જાય છે કે વાહનો ચલાવીને ખેતરોમાં પહોંચવું અશક્ય બને છે. ખેડૂતોને માત્ર પગપાળા જવું પડે છે, કારણ કે આ રસ્તા પરની ચીકણી માટી વાહનોને ગંભીરતાથી અટકાવી દે છે. આ રસ્તો માત્ર ખેતીના માધ્યમથી જીવન નિર્વાહ કરતા ગામવાસીઓ માટે જરૂરી નથી, પરંતુ તેમના રોજિંદા જીવનનો આધાર પણ છે.છેલ્લા 20 વર્ષમાં ગ્રામજનોએ સ્થાનિક તાલુકા કચેરીથી લઈને રાજધાની ગાંધીનગર સુધી લેખિત અને મૌખિક રજૂઆતો કરી છે. વિવિધ સરકારો અને સત્તાધીશો બદલાયા, પરંતુ આ રસ્તાની હાલતમાં કોઈ સુધારો થયો નથી. "અમે અનેક વખત અરજીઓ આપી, મીટિંગોમાં ઉઠાવણી કરી, પણ કોઈ જવાબ મળ્યો નથી. હવે તો અમારી ધીરજ પણ તૂટી ગઈ છે," તેમ દેતડ ગામના એક વરિષ્ઠ ખેડૂત અને ગ્રામ પંચાયતના સદસ્યએ કહ્યું. આ રસ્તાની અવગણના ગ્રામીણ વિકાસની વાસ્તવિક તસવીરને પડકારતી છે - જ્યાં દાવાઓ તો ઘણા થાય છે, પણ આધારભૂત સુવિધાઓની જરૂરિયાતો અવગણાઈ જાય છે.આખરે, કંટાળીને ગ્રામજનો અને ખેડૂતોએ સ્વમહેનતથી રસ્તાના રીપેરની કામગીરી શરૂ કરી દીધી છે. તેઓ પોતાના સાધનો અને મજૂરીથી રસ્તાને સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેમાં ગામના યુવાનો અને મહિલાઓ પણ સામેલ છે."આપણે રાહ જોવાની બદલે પોતાનું કામ પોતાના હાથે કરીએ છીએ. પણ આ સરકારી જવાબદારી છે," તેમ ગામના એક યુવા ખેડૂતે જણાવ્યું. આ પગલું ગ્રામજનોની ધીરજ અને સ્વાવલંબનનું પ્રતીક છે, પરંતુ તે સત્તાધીશો પ્રત્યેની નિરાશાને પણ દર્શાવે છે.આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. જિલ્લા વહીવટકર્તા, રાજ્ય સરકાર અને સંસદ/વિધાનસભા સભ્યોને આ રસ્તાને તાત્કાલિક નવીનીકરણ કરવા માટે પગલાં લેવા જોઈએ. ગ્રામીણ વિસ્તારોમાં આવી સમસ્યાઓ વારંવાર થાય છે, જે અંતગ્રામ્ય જોડાણ અને આર્થિક વિકાસને અટકાવે છે. આ ઘટના ગુજરાતના ગ્રામીણ વિકાસ માટે એક જરૂરી પ્રશ્ન ઉભો કરે છે: વિકાસની વાતો કેટલીક હકીકતોને કેવી રીતે અવગણે છે?

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ- મહોત્સવ 2025




## માત્ર રૂા. ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી ઉપર..

## 25 લકઝરીયસ ફોર વ્હીલ

તેમજ

9999 થી વધુ કરોડોના ઈનામ જીતવાની સુવર્ણ તક...

# એ.આર. જવેલર્સ

AR JEWELLERS

રાજદરબારગઢ સામે, મેઈનબજાર, સાવરકુંડલા.

મો. 98244 46074/94286 18687

Organised by: HEADWAY® BUSINESS SOLUTIONS LLP Solution@100%

www.headway.guru

908 124 1916

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આજે ભારતીય વાયુસેના દિવસ...




ભારતીય વાયુસેના દિવસ દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતીય વાયુસેનાની સ્થાપનાની યાદમાં ઉજવવામાં આવે છે અને દેશ માટે સર્વોચ્ચ બલિદાન આપનારા સૈનિકોનું સન્માન કરવામાં આવે છે. આ વર્ષે, ગાઝિયાબાદના હિંડન વાયુસેના સ્ટેશન ખાતે 93મો ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય વાયુસેના વિશ્વની સૌથી શક્તિશાળી વાયુસેનાઓમાંની એક છે.દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ, ભારતીય વાયુસેના તેની સ્થાપનાની યાદમાં ભારતીય વાયુસેના દિવસની ઉજવણી કરે છે. આ વર્ષે, 93મા સ્થાપના દિવસની ઉજવણી ગાઝિયાબાદના હિંડન વાયુસેના સ્ટેશન પર થઈ રહી છે. મુખ્ય પરેડ પણ ત્યાં યોજાશે. બહાદુર વાયુસેનાના અધિકારીઓ તેમના અદ્ભુત એક્રોબેટિક્સનું પ્રદર્શન પણ કરશે.વિશ્વની સૌથી ઊંચી હવાઈ પટ્ટી ભારતના લદ્દાખમાં દૌલત બેગ ઓલ્ડી ખાતે આવેલી છે . આ હવાઈ પટ્ટી સમુદ્ર સપાટીથી આશરે ૧૬,૬૧૪ ફૂટની ઊંચાઈ પર આવેલી છે. આ હવાઈ પટ્ટી ભારતીય વાયુસેના માટે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે.ભારતીય વાયુસેના (I A F ) વિશ્વની સૌથી શક્તિશાળી વાયુસેનાઓમાંની એક છે. તે માત્ર ભારતના સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે,ભારતીય વાયુસેના કર્મચારીઓ અને વિમાનોની સંખ્યાની દ્રષ્ટિએ વિશ્વની ચોથી સૌથી મોટી વાયુસેના છે . તેની પાસે 1,700 થી વધુ વિમાનો છે અને લગભગ 140,000 કર્મચારીઓ કાર્યરત છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## સોનિકની ૧૦૦% ગેરંટી

મેગા બમ્પર કાર તેમજ ૫૦૦ ઈનામો ફકત
સોનિકમાં ભાગ લીધેલ ગ્રાહકમિત્રો માટે જ...

ઉત્સવની ઉજવણીનો ઠાઠ!




કુલ ઈનામો ૫૦૧

T & C APPLY*

...આ ઓફર તા. ૧૪-૦૮-૨૦૨૫ થી તા. ૩૧-૧૨-૨૦૨૫ સુધી માન્ય...

તો રાહ કોની જુઓ છો?? ચમકાવો નસીબ અને બનો માલામાલ!!!

## સોનિક જવેલર્સ લી.

હવેલી શેરી, સાવરકુંડલા. ફોન : ૨૨૩૨૯૦, મો. ૬૩૫૪૧ ૦૯૪૦૮

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આજે વિશ્વ દ્રષ્ટિ દિવસ...




અમુક સંસ્થા કે સ્થળો માં ઓક્ટોબર માસના બીજા ગુરુવારે તો અમુક જગ્યાએ 8 ઓક્ટોબર વિશ્વ દ્રષ્ટિ દિવસની ઉજવણી થાય છે. 8 ઓક્ટોબરે વિશ્વ દ્રષ્ટિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે આ દ્રષ્ટિ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય આંખની તંદુરસ્તી અંગે જાગૃતિ ફેલાવવાનો અને લાવવાનો છે અંધત્વ નિવારણ માટેનો મુખ્ય ઉદ્દેશ્ય છે ગુજરાતમાં અંદાજે દસ લાખથી વધુ લોકો આંખ સંબંધીત બીમારીઓથી પીડાઈ રહ્યા છે તેમનામાં લગભગ 1.8 લાખ લોકો ગંભીર દ્રષ્ટિ અક્ષમતા ધરાવે છે જ્યારે ૭૦ હજારથી વધુ લોકો અંધત્વની કેટેગરીમાં આવે છે ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના આંકડા મુજબ દર વર્ષે લગભગ 1.25 લાખ મોતીયાબિંબ ની સર્જરીઓ થાય છે ગુજરાત રાજ્યમાં 70 થી વધુ એનજીઓ અને ટ્રસ્ટ આંખની સારવાર અને કેમ્પ ચલાવે છે આંખની તંદુરસ્તી માટે દર છ મહિને આંખોની ચકાસણી કરાવી જોઈએ વિટામિન A,Cઅને E વાળો ખોરાક વધુ લેવો જોઈએ મોબાઈલ લેપટોપ નો ઉપયોગ મર્યાદિત જ કરવો જોઈએ ધ્રુમપાનથી દૂર રહેવું જોઈએ પૂરતી ઊંઘ લેવી જોઈએ અને આંખોની સ્વચ્છતા જાળવી જોઈએ જેથી કરી આંખની તંદુરસ્તી રહી શકે અને આંખની ગંભીર બીમારી ન થાય...

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## આવી ગઈ... દિવાળી વહેલી...




ખોડીયારથી સસ્તું બીજે ક્યાય નહિ...

# 32" LED સાથે સાયકલ મફત

# 43" LED સાથે સાયકલ મફત

આ સાથે ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી, AC અને સરપ્રાઈઝ ગીફ્ટ... તો પધારશો... ખોડીયાર માં...

**નોંધ : જૂના TV ના રૂા. 5000 સુધી બાદ મેળવો**

નવું સરનામું યાદ રાખશો

## જય ખોડીયાર ઈલેક્ટ્રોનિક્સ

સત્ય નારાયણ માર્કેટ, જૂના બસસ્ટેન્ડ રોડ, અંદરના મેદાનમાં, સાવરકુંડલા. મો. 9426276553

આ સાથે ફ્રીઝ-વોશિંગ મશીન-ઘરઘંટી અને AC પર GST અને ડિસ્કાઉન્ટ અલગ

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી જિલ્લાના ધારી ખાતે વન્ય પ્રાણી સપ્તાહની ઉજવણી થઈ



અમરેલી જિલ્લાના ધારી નગરપાલિકા સંચાલિત જી.એન. દામાણી મ્યુનિસિપલ હાઈસ્કુલ દ્વારા વન્ય પ્રાણી સપ્તાહની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આંબરડી સફારી પાર્ક ખાતે આ ઉજવણી કરવામાં આવી હતી શાળાના આચાર્ય શ્રી માનસિંહ બારડ સાહેબ અને શાળાના એન એસ એસ અને એનસીસી ના વિદ્યાર્થીઓ પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે સાયકલ યાત્રા દ્વારા આંબરડી સફારી પાર્ક ખાતે એક દિવસીય શિબિરમાં જોડાયા હતા. સૌ પ્રથમ પાર્કમાં પ્રસ્થાન કરી રજીસ્ટ્રેશન કરાવી ફોટો એક્ઝિબિશન ગેલેરીમાં ભાગ લઈ પર્યાવરણ જતન અંગેના શપથ લેવડાવવામાં આવ્યા હતા અને અનોખી ઉજવણી વન્ય પ્રાણી સપ્તાહની કરવામાં આવી હતી.

તારીખ : 08/10/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખાદી કાર્યાલય સાવરકુંડલા



## ગાંધી જયંતી નું વિશેષ વળતર શરૂ થઈ ગયેલ છે.

તો ગુજરાત ઉત્પાદિત તમામ પ્રકાર ની ખાદી માં 30% વળતર છે. પરપ્રાંત ખાદી માં ૧૫% વળતર છે. તો આ વળતર નો લાભ લેવા માટે ખાદી ખરીદવા અવશ્ય પધારશો.

તેમજ ગ્રામોધોગ માં અનેક વસ્તુઓ હાજર માં છે. તો ખાદી કાર્યાલય સાવરકુંડલા માં નવા ભવન ની મુલાકાત લેશો.

**સમય : સવારે ૯:૦૦ થી ૧:૦૦, બપોર પછી ૩:૦૦ થી ૭:૦૦**

**ખાસ નોંધ : દિવાળી સુધીના તમામ રવિવારે વેચાણ શરુ રાખેલ છે.**

લી. ટ્રસ્ટીશ્રીઓ

**શ્રી કુંડલા તાલુકા ગ્રામ સેવા મંડળ ખાદી કાર્યાલય**

રેલ્વે સ્ટેશન પાછળ, સાવરકુંડલા. મો. ૯૪૨૯૦ ૭૬૫૪૦

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# એસ ટી મજદૂર સંઘ અમરેલી વિભાગ ની ત્રિમાસિક કારોબારી મળી...



તા.7/10/25 ના રોજ એસ ટી મજદૂર સંઘ અમરેલી વિભાગ ની ત્રિમાસિક કારોબારી મળેલી હતી જેમાં અમરેલી વિભાગના મહામંત્રી વિક્રમસિંહ ગોહિલ ની ભાવનગર વિભાગ ખાતે બદલી થતાં વિદાય સમારંભ નો કાર્યક્રમ રાખેલ હતો તેમજ નવા મહામંત્રી તરીકે શ્રી રાજેન્દ્રસિંહ વાળા તેમજ એડિશનલ જીએસ તરીકે બાપલુભાઈ વાળા ની વરણી કરવામાં આવેલી છે. આ કાર્યક્રમમાં ગુજરાત એસ ટી મજદૂર મહાસંગના પ્રમુખ વંદીપ સિંહ મહામંત્રી મુકેશભાઈ પટેલ કાર્યકારી પ્રમુખ જગદીશભાઈ સંગઠન મંત્રી કનકસિંહ ગોહિલ તેમજ કાળુંભાઈ વાળા મહામંત્રી જિલ્લા ભાજપ તેમજ કોટડા સરપંચ સત્યજીતભાઈ વાળા ની હાજરીમાં યોજાયેલ હતો જેમાં અમરેલી ડિવિઝનના સાત ડેપોના ભારતીય મજદૂત સંઘના તમામ હોદ્દેદારો તેમજ કાર્યકરો હાજર રહ્યા હતા નવા મહામંત્રી રાજેન્દ્રસિંહ વાળા તેમજ બાપલુભાઈ વાળા ને તમામ અધિકારીઓ તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ન્યુ લુક હેર સ્ટાઈલ

## આપની સેવામાં શરૂ થઈ ગયેલ છે...

## ભાવેશભાઈ (પિયાવાવાળા)

## મો. 63545 52742

## મેન્સ માટે પણ હાઈડ્રા ફેશીયલ થશે...

## મહુવારોડ, વોટસઅપ સેન્ડવીચની સામે, સાવરકુંડલા.

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા શહેરમાં વિજયાદશમીની ઉજવણી કરવામાં આવી....









અમરેલી જિલ્લાના સાવરકુંડલા શહેરમાં વિજયાદશમીની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં નવદુર્ગા માતાજી ના નવ સ્વરૂપોની મહાઆરતી તથા ભારતના અલગ અલગ રાજ્યોમાંથી વિરાંગનાઓ જે સિંહ ફાળો આપ્યો છે તેની ગાથા અને રાવણ દહન કરવામાં આવ્યું હતું. અને દીકરીઓ દ્વારા શૌર્ય અને શક્તિ નું પ્રતીક તલવાર થી રાસ રમી અને શસ્ત્ર પૂજન પણ કરવામાં આવ્યું હતું. નારી શક્તિ ઉત્થાન ટ્રસ્ટ સાવરકુંડલા યશોધરાબેન હિતેશભાઈ પંડ્યા દ્વારા નવદુર્ગા માતાજીની મહા આરતી અને તેના નવ સ્વરૂપોની મહિમાની ગાથા અને રાવણ દહન કરવામાં આવ્યું હતું. અને આ ઉજવણી થકી ખરા અર્થમાં નારી તું નારાયણી સૂત્ર સાર્થક થયું હતું.








નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# ખોડીયાર



# ફટાકડા

ફટાકડામાં અવનવી વેરાયટી માટે
એકવાર અવશ્ય મુલાકાત લો...

BAPS સ્વામિનારાયણ મંદિર સામે,
મહુવારોડ, સા.કું.
મો. 75758 52902

તારીખ : 08/10/2025

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે તારીખ 10 થી 14 ઓક્ટોબર સુધી સોમ તીર્થ સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાશે

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર ના સાનિધ્યમાં સોમનાથ ચોપાટી પરિસરમાં તારીખ 10 ઓક્ટોબર 2025 થી તારીખ 14 ઓક્ટોબર 2025 પાંચ દિવસ નો સોમ તીર્થ સાંસ્કૃતિક મહોત્સવ યોજાઈ રહ્યો છે આ અંગેની વિગત આપતા મુંબઈના પટેલ કલ્ચર ફાઉન્ડેશનના ડાયરેક્ટર એમ કે પટેલે મીડિયા ને જણાવ્યું હતું કે આપણી ભારતીય સંસ્કૃતિને આગળ વધારવા તથા જાળવણી માટે ભારતભરમાંથી ભારતીય શાસ્ત્રીય સંગીતનો વિકાસ અને પ્રગતિ થાય તે હેતુથી દેશ-વિદેશના ગાયન વાદન કલાકારોને શોધી તેને રંગમંચ માં પ્રસ્તુત કરવા અને તેની આગવી કલાને રસીકજનોની રુચિ વધારવા અને તે થકી કલાકારોને લોકપ્રિય બનાવવાનો મુખ્ય હેતુ છે આ મહોત્સવમાં સૌથી વધારે કલાકારો ભાગ લેશે અને મહોત્સવનું ઉદ્ઘાટન તારીખ 10 નવેમ્બરે ગીર સોમનાથ જિલ્લા કલેકટર એન.વી ઉપાધ્યાય સાહેબ તથા સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર શુકાંત કુમાર સેનાપતિ તથા ગીર સોમનાથના જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજા ના વરદ હસ્તે સાંજે 6:00 વાગ્યે



થશે પટેલ કલ્ચરલ ફાઉન્ડેશન મુંબઈ તથા સોમનાથ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અને સહકારથી આ કાર્યક્રમ યોજાઈ રહ્યો છે તેની તડામાર તૈયારીઓ પણ થઈ રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ઝવેરી મોટર્સ

## વિશ્વાસ ઓટો કન્સલ્ટ

**તમામ પ્રકારની ફોર વ્હીલ લેવા તથા વેચવા માટે મળો..**

સેકન્ડ ગાડીમાં લોન પણ કરી આપવામાં આવશે.

નવી ગાડી લેવા જતા પહેલા અમારા શો રૂમની મુલાકાત લેશો

ક્રેટા, સ્વીફ્ટ, ઈકો, વેગન આર, બ્રીઝા, સ્વીફ્ટ ડીઝાયર, આઈ-10, આઈ-20, સ્કોર્પિયો, બોલેરો, અર્ટીગા, બલેનો, વોકસ વેગન, વેન્ટો, જેવી તમામ પ્રકારની ગાડી લેવા તથા વેચવા માટે મળો...




એકસીડેન્ટ વગરની ગાડીનો 100% વિશ્વાસપાત્ર એકમાત્ર શો રૂમ..

આપ કંપનીમાં પણ ચેક કરી શકો છો.




હાજી ઈમરાનભાઈ એસ. શેખાણી
98248 17492

હાજી અમજદભાઈ એસ. શેખાણી
95742 02753

જુનેદભાઈ એસ. શેખાણી
97235 95955

**હવેથી નવા સરનામે**

કલ્યાણ કોમ્પ્લેક્સ, સુરભીની બાજુમાં, મહુવા રોડ, સાવરકુંડલા

તારીખ : 08/10/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





## ધર્મેન્દ્ર ચૌહાણ ના માતૃશ્રીના દુઃખદ અવસાન થતાં અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી  વિધાનસભાના નાયક દંડક કૌશિકભાઈ વેકરીયા સાવરકુંડલાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાળા સાત્વના પાઠવી



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

www.headway.guru

Organised by:
HEADWAY BUSINESS SOLUTIONS LLP
Solution@100%

908 124 1916




## સુવર્ણ સૌભાગ્ય ઉત્સવ "મહોત્સવ" શરૂ થઈ ગયું છે.

**માત્ર ₹10,000 ના સોનાના દાગીનાની ખરીદી પર* BMW થી લઈને 9,999 ઈનામો જીતવાની તક!**

*શરતો લાગુ

ઓફરઃ ૨૭ ઓગસ્ટ ૨૦૨૫ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ સુધી જ લાગુ.

**તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.**



તમારા મનપસંદ દાગીના ખરીદવા માટે આજે જ મુલાકાત લોઃ

GJ શ્રી ગોકુલ જ્વેલર્સ
એક બંધન વિશ્વાસનું

હવેલી શેરી, સાવરકુંડલા.
ફોન : 222195 / મો. 95373 12695

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રી મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલા માં વ્યસન મુકિત કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું




શ્રી મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલા માં નશાબંધી અને આબકારી વિભાગ-ગાંધીનગર નિયામકશ્રી ની સુચના અનુસાર વ્યસન મુક્તિ જાગૃતિ અર્થે પ્રચાર પ્રસાર માટે તા. 02 થી 09 ઓકટોબર દરમિયાન વિવિધ સંસ્થાઓ અને જુદાજુદા સ્થળે, જુદાજુદા વ્યસન મુકિત ના કાર્યક્રમો યોજવામાં આવે છે, તે અંતર્ગત શ્રી મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલામાં 'નશાબંધી અને આબકારી વિભાગ- અમરેલી' ના અધિક્ષક શ્રી બી. પી.જાડેજા સાહેબ દ્વારા 'વ્યસન મુક્તિ' કાર્યક્રમનું આયોજન તા. 06-10-2025 ના કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં તાલીમાર્થી વિદ્યાર્થીની બહેનો દ્વારા વ્યસનથી થતા નુકસાન, વ્યસન ના લીધે થતી બરબાદી અને તેને અટકાવવાના ઉપાયો વિષયક સુંદર મજાનું 'વક્તૃત્વ સ્પર્ધા' નું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે 'ગરબા સ્પર્ધા' નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિજેતા તાલીમાર્થી બહેનોને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવનારને ઈનામ પ્રમાણપત્ર અને ટ્રોફી મુવમેન્ટ આપવામાં આવ્યા હતાં. તથા ભાગ લેનાર તમાંમ તાલીમાર્થી વિદ્યાર્થીની બહેનો ને પ્રમાણપત્ર




અને પેન આપવામાં આવ્યા હતા. તાલીમાર્થી વિદ્યાર્થીની બહેનો દ્વારા આ કાર્યક્રમમાં નશાબંધી અને આબકારી વિભાગ-અમરેલી ના કાર્યક્રમ કોર્ડીનેટર શ્રી દવે અગનીબેન ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી મહિલા અધ્યાપન મંદિર ના મંડળના પ્રમુખશ્રી નીલાબેન વાઘાણી અને બટુકભાઈ ભડકોલીયા હાજર રહ્યા હતાં. કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી મહિલા અધ્યાપન ના આચાર્યશ્રી બાબુભાઈ ચાવડા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની તૈયારી અને સફળતા માટે અધ્યાપન મંદિરના અધ્યાપકો એ સુંદર આયોજન કર્યું હતું. કાર્યક્રમના અંતે વ્યસન મુક્તિ અને એ માટેના શક્ય પ્રયાસોની તાલિમાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલા કબીર ટેકરી ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે ત્રિવિધ કાર્યક્રમ યોજાયો...







સાવરકુંડલા કબીર ટેકરી ખાતે શરદપૂર્ણિમા નિમિત્તે વસ્ત્ર વિતરણ, સાહિત્ય ગોષ્ઠિ અને મહાપ્રસાદ એમ ત્રિવિધ કાર્યક્રમ યોજાયો હતો જેમાં કાર્યક્રમ ની શરૂઆત દિન પ્રાગટ્ય થી કરવામાં આવી હતી જેમાં મહંત શ્રી નારાયણ સાહેબ, શ્રી ઘનશ્યામબાપુ, શ્રી કરશનગીરીબાપુ, શ્રી ગૌતમગીરીબાપુ અને શ્રી રામદાસ બાપુ વગેરે સંતો મહંતો હસ્તે કરવામાં આવ્યું હતું. સ્વાગત પ્રવચન સ્મિતાબેન નિમબાર્કે દ્વારા કરવામાં આવ્યું હતું.જયારે શ્રી વાસુદેવ ભાઈ સોઢા (બાળ વાર્તાકાર ) દ્વારા કબીર ટેકરીની સેવાકીય પ્રવૃતિઓનો વિસ્તારથી ખ્યાલ આપ્યો હતો. શ્રી ઘનશ્યામ બાપુ ( રામાનંદી કન્યા છાત્રાલય) અને શ્રી મુકેશભાઈ ભજનિકે પ્રાસાગિક ઉદબોધન આપ્યું હતું. કબીર ટેકરીની અવિરતપણે વહેતી સેવાની સરવાણી વિશે શ્રી ધનજીભાઈ મકવાણા એ ભજન રજૂ કર્યું હતું.અતિથિવિશેષ તરીકે શ્રી દુર્ગેશભાઈ ઓઝા ( પોરબંદર) અને શ્રી કાલિન્દી બેન પરીખ ( અમરેલી) દ્વારા સાહિત્યિક વક્તવ્ય આપવામાં આવ્યું હતું. આ નિમિત્તે શ્રી અશોકભાઈ જોષી, શ્રી ઈલાબેન જોષી શ્રી ઉમેશભાઈ ચાવડા ( ચલાળા) પ્રવીણભાઈ ચૌહાણ, શ્રી કનાભાઈ વાળા શ્રી નાનજીભાઈ દાફડા, શ્રી પ્રવિણભાઈ દાફડા ( સરસઈ) હાજરી આપી હતી આભાર વિધિ શ્રી સુધીરભાઈ મહેતા દ્વારા કરવામાં આવી હતી, જ્યારે કાર્યક્રમ નું સંચાલન શ્રી મનીષભાઈ વિંઝુડા એ કયુ હતું.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 08/10/2025

# સાવરકુંડલાના આઝાદ ચોકના આંગણવાડી કેન્દ્ર ખાતે પોષણ માસની ઉજવણી કરવામાં આવી...





7 ઓક્ટોબર 2025 મંગળવારના રોજ સાવરકુંડલા શહેર વોર્ડ નંબર 3 ગુજરાત સરકારની પોષણ પખવાડિયા અંતર્ગત પોષણ માસની ઉજવણી સાવરકુંડલા આંગણવાડી કેન્દ્ર આઝાદ ચોક ખાતે વિશેષ ઉજવણી યોજવામાં આવી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાના બાળકો જેનો વજન ઓછો હોય અને વધેલ હોય એનું સન્માન તેના વાલી નું સન્માન જેમાં ખાદીનો રૂમાલ અને ચિત્રપોથી આપવામાં આવેલ આ અંતર્ગત મુખ્ય સેવિકા શ્રી જ્યોત્સનાબેન મહેતા હાજર રહ્યા હતા અને લાભાર્થી બહેનો અને માતાઓને પોષણ વિશે માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ ઉજવણીમાં નગરપાલિકાના સદસ્ય શ્રી પિયુષભાઈ મશરૂ,શ્રી કમલેશભાઈ રાનેરા,શ્રી મંજુલાબેન ચિત્રોડા, શ્રી જયાબેન કારેણા, શ્રીભાઈલાલભાઈ જયાણી તેમજ આંગણવાડી કોડ નંબર 18 ના કપાસી સમીનાબેન,કોડ નંબર 17 ના નથવાણી ભાવનાબેન,કોડ નંબર 11 ના રાજા તૃપ્તિબેન, કોડ નંબર 60 દેવમુરાજી શીલાબેન,કોડ નંબર 61 ત્રિવેદી મીનાક્ષી બેન, કોડ નંબર 20 ઠાકર રીટાબેન, કોડ નંબર 15 જોષી જાનકીબેન, કોડ નંબર 46 કાલેના દક્ષાબેન ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ બહેનોએ રંગોળી તૈયાર કરી હતી અને વાનગી માં મીઠાઈ, ચણા, શીરો અને અનેક પ્રકારની વાનગી બનાવી હતી અને આ ઉજવણી સફળ રહેલ.

તારીખ : 08/10/2025

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આધુનિક ટેકનોલોજીથી ફોલેલુ લસણ મળશે..

હોટલ, રેસ્ટોરન્ટ માટે ઓર્ડર લેવામાં આવશે.

લગ્ન પ્રસંગે હોલસેલ લસણ મળશે..

મો. 63555 19182

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# લાઈફ કેર ટ્રસ્ટ ઉમરેઠ દ્વારા શ્રી સિદ્ધિ વિનાયક મંદિર, આણંદમાં જરૂરિયાતમંદ માટે નિઃશુલ્ક આરોગ્ય નિદાન કાર્યક્રમ



શ્રીસિદ્ધિ વિનાયક મંદિર,આણંદમાં લાઈફ કેર ટ્રસ્ટ ઉમરેઠ દ્વારા જરૂરિયાતમંદ લોકો માટે નિઃશુલ્ક આરોગ્ય નિદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં લાઈફ કેર ટ્રસ્ટ ઉમરેઠના સિ .ઈ .ઓ શ્રી કૌશલ ભાઈ પટેલના સમાજકલ્યાણના શુભ આશયથી યોજાયો હતો, જેમાં સ્વયંસેવક શ્રી મનન ભાઈ શેઠ ,ડો . સુનિલ વ્યાસ તેમજ જન્મભૂમિ સાવરકુંડલા અને કર્મ ભૂમિ આણંદ ના યોગ ચિકિત્સક ,રેઈકી માસ્ટર કુદરતી ઉપચાર ચિકિત્સક ,જ્યોતિષ ,એક્યુપ્રેશરના નિષ્ણાત અને આંતરરાષ્ટ્રિય પ્રમાણિત સાથે સાથે 29 એન .જી .ઓમાં નિઃશુલ્ક સેવા કરનાર નોખી માટીનાં વ્યક્તિ તેમજ અંગ્રેજી વિષયનાં નિષ્ણાંત ,નીડર પત્રકાર , યુવાન સમાજસેવક ,ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સાથે ધ્યાન અને યોગના પણ આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા તેમજ અનેક રાજ્ય અને રાષ્ટ્રિય સન્માન અને એવોર્ડના વિજેતા ડો.કાજલ નિર્મલા ભરત રાવ એ પોતાની નિઃ શુલ્ક સેવાઓ આપી હતી અને કર્મના દેવતા શ્રી ગણેશના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા , શ્રી સિદ્ધિ વિનાયક મંદિરના ટ્રસ્ટીગણ તેમજ સંચાલક મંડળના સહયોગથી આ કાર્યક્રમ નિર્વિઘ્ને પૂર્ણ થયો હતો જેમાં ઘણી મોટી સંખ્યામાં જરૂરિયાતમંદ લોકોએ નિઃશુલ્ક સેવાનો લાભ લીધો હતો ,દર મહિનાના પ્રથમ રવિવારે લાઈફ કેર ટ્રસ્ટ ઉમરેઠ આ નિઃશુલ્ક આરોગ્ય તપાસ કાર્યક્રમ શ્રી સિદ્ધિ વિનાયક મંદિરમાં રાખશે જેથી આણંદ વિદ્યાનગરની જનતાને લાભ મળી શકશે.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# અમરેલી જિલ્લા માહિતી કચેરી ખાતે "વિકાસ સપ્તાહ" અંતર્ગત "ભારત વિકાસ પ્રતિજ્ઞા' લેવામાં આવી

## 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્ર માટે સંકલ્પબદ્ધ થતાં જિલ્લા માહિતી કચેરીના કર્મયોગીશ્રીઓ



અમરેલી તા. ૦૮ ઓક્ટોબર,૨૦૨૫ (બુધવાર) દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અવિરત માર્ગદર્શન હેઠળ ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. આ ૨૪ વર્ષ દરમિયાન ગુજરાતે અનેક સફળતાઓ અને સિદ્ધિઓ હાંસલ કરી છે. જેની વિકાસગાથા જનજનમાં ઉજાગર કરવા રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્યમાં તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન "વિકાસ સપ્તાહ" ની ઉજવણીના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

અમરેલી જિલ્લામાં વિકાસ સપ્તાહ ૨૦૨૫ની ઉજવણી અન્વયે આજરોજ જિલ્લા માહિતી કચેરી ખાતે કર્મયોગીશ્રીઓ દ્વારા "ભારત વિકાસ પ્રતિજ્ઞા' લેવામાં આવી હતી. આ પ્રતિજ્ઞામાં કચેરીના તમામ કર્મયોગીઓ સહભાગી થઈ ભારતના જવાબદાર નાગરિક તરીકે 'રાષ્ટ્ર પ્રથમ'ના મંત્રને જીવનમંત્ર બનાવવા પ્રતિબદ્ધ બન્યા હતા.

તારીખ : 08/10/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* કલોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગભાિશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સાવરકુંડલા ના સાર્વજનિક દવાખાનામાં આવતી કાલે રાહતદરે હોમિયોપેથીક સારવાર કેમ્પ યોજાશે...

સાવરકુંડલાના વેદકીય રાહત મંડળ સંચાલિત શેઠ શેરી ખાતે આવેલા સાર્વજનિક દવાખાનામાં રાહત દરે દાંતના રોગોની સારવાર કરવામાં આવી રહી છે જયારે જૂના અને હઠીલા રોગો ની સારવાર માટે દર મહિને એક દિવસ હોમિયોપેથિક કેમ્પ પણ શરૂ કરવામાં આવ્યો છે આ વિભાગમાં દર મહિને એક દિવસ રાજકોટ થી હોમિયોપેથિક કન્સલ્ટન્ટ ડોક્ટર અમી પાંધી રાહત દરે સેવા પૂરી પાડે છે આવતીકાલે તા.૯/૧૦/ ને ગુરુવારે આ હોમિયોપેથી કેમ્પ યોજાશે જેમાં જુના હઠીલા દર્દો ,ચામડીના દર્દો, એલર્જી થી થતા દર્દો, શ્વસનતંત્ર ને લગતા દર્દો, માનસિક દર્દો ,મહિલાઓને લગતા દર્દો ,એસિડિટી, કપાસી વગેરે દર્દોની આડઅસર રહિત અક્સીર સારવાર કરવામાં આવશે તો આ કેમ્પનો લાભ લેવા સાર્વજનીક દવાખાના ની યાદીમાં જણાવાયું છે.


પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

બેનર પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આજરોજ વોર્ડ નંબર -૪ આંગણવાડી દ્વારા રઘુવંશીપરા કેન્દ્ર ખાતે પોષણ સંગમ જાગૃતિ કાર્યક્રમ ની ભવ્ય ઉજવણી કરાઈ




જેમાં વોર્ડ નંબર ૪ ના કાઉન્સિલર શ્રી ભાવેશભાઈ કવા તથા ભુપતભાઈ પાનસુરીયા તથા ધર્મેન્દ્રભાઈ જોશી અને સ્કૂલના પ્રિન્સિપાલ અભિષેક ભાઈ તથા કલ્પેશભાઈ સેજા ૨ ના સુપરવાઈઝર શ્રી અરુલતાબેન જાની તથા icds ના વનિતાબેન ઉપસ્થિત રહેલ હતા તેમજ મહાન મહાનુભવોનું શાબ્દિક સ્વાગત તથા પોષણ સંગમ વિશે સેજલબેન જોશી દ્વારા લાભાર્થીઓને યોગ્ય માહિતી આપેલ તથા sam/mam માંથી અપગ્રેડ થયેલા બાળકો તથા તેમજ તેમના વાલી શ્રી નું ચિત્ર પોથી કલર તથા રૂમાલ દ્વારા સન્માન કરવામાં આવેલ ત્યારબાદ વાનગી નિર્દેશન કાઉન્સિલર દ્વારા કરાયેલ તેમજ આભાર વિધિ કરવામાં આવેલ આ સમયે કાર્યક્રમને સફળ બનાવવામાં કાર્યક્રમમાં હાજર રહેલ વોર્ડ નંબર ચારના તમામ આંગણવાડી કાર્યકરો બહેનો અને વાલીઓ તેમજ કોડ નંબર 34 31 42 275 59 29 ના તમામ આંગણવાડી બહેનો દ્વારા સહમત ઉઠાવવામાં આવી હતી.

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# લીલીયા તેમજ ગુંદરણ ખાતે પોષણ સંગમ જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો







લીલીયા ઘટક તેમજ ગુંદરણ ખાતે પોષણ સંગમ જાગૃતિ અભિયાન કાર્યક્રમ યોજાયો લીલીયા સેજા નાં લીલીયા કન્યાશાળા ખાતે પોષણ સંગમ કાર્યક્રમ રાખવામાં આવેલ હતો જેમાં સરપંચ જીવનભાઈ વોરા, ભીખાભાઈ ધોરાજીયા, બી.આર.સી.કોડીનેટર પી.એમ.રાખસિયા શાળાના આચાર્યશ્રી તમામ વાલીઓ આ તકે હાજર રહ્યા હતા તેવીજ રીતે ગુંદરણ ખાતે પોષણ સંગમ જાગૃતિ અભિયાન કાર્યક્રમમાં ગુંદરણ ગામના સરપંચ હરીપર ગામના સરપંચ આયુષ ડોક્ટર નેહાબેન ગામના આગ્રણીઓ તેમજ મુખ્ય સેવિકા હર્ષિતાબેન.એન.રેણુકા હાજર રહેલ આ કાર્યક્રમમાં,અતિ કુપોષિત અને મધ્યમ કુપોષિત બાળકો અપડેટ થયેલ તેમના વાલીને ખાદીના રૂમાલ તેમજ પોષણ કીટ આપવામાં આવેલ બાળક અપડેટ થયેલ તેમના વાલીએ બાળક અપગ્રેડ થયેલ છે તેની સકસેસ સ્ટોરી કહેલ અને વિકાસ સપ્તાહ અંતર્ગત શપથ આ તકે લેવામાં આવેલ હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# સાવરકુંડલાનીશ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ભીંતચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું...







શ્રી નૂતન કેળવણી મંડળ દ્વારા સંચાલિત શ્રીમતી વી.ડી. ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ભીંતચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકાર દ્વારા આયોજિત વિકાસ સપ્તાહ અંતર્ગત શ્રીમતી વી.ડી.ઘેલાણી મહિલા આર્ટ્સ કોલેજમાં ભીંતચિત્ર કલામે પ્રોત્સાહિત કરવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું હતું. તારીખ 3 ઓક્ટોબર 2025 ના રોજ આ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં કોલેજની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવ્યો હતો નગવાડિયા દિવ્યાએ, દ્વિતીય નંબર ચૌહાણ જીજ્ઞા અને તૃતીય નંબર પર ગોંડલીયા ધારા તથા ચુડાસમા દિવ્યા એ ઈનામો મેળવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ નું આયોજન ડૉ. પ્રતિમા એમ શુક્લએ કર્યું હતું. ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી ડી.એલ. ચાવડા સાહેબનું માર્ગદર્શન મળ્યું હતું, તથા સમગ્ર સ્ટાફ મિત્રોનો સહયોગ પ્રાપ્ત થયો હતો. અને ભીંતચિત્ર સ્પર્ધા સફળ રહેલ.


કે.ડી. NEWS
તમારી કહાની, અમારી ઝુબાની...
કેમ છો & અમરેલી સાથે
હવે આપ પણ આપના ધંધાના વિકાસ માટે બનાવો
પ્રોફેશનલ એડ રીલ્સ
અને એ પણ.... ડીઝીટલ માર્કેટીંગ + બુસ્ટીંગ
+ સ્ટાન્ડર્ડ પેઈજ કોલોબ્રેશન જેવા સંપુર્ણ પેકેજ સાથે...
: અમારી પેકેજીસની વિશેષતાઓ :
રૂા. 4500
* જેમાં એન્કર દ્વારા આપની બીઝનેસ સ્કીપ્ટ રજુ કરાશે.
* કે.ડી. ન્યુઝના પેઈજ પર તેમજ કેમ છો અમરેલીના પેઈજ ઉપર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ પ્રકાશ એપમાં નોટીફીકેશન
રૂા. 5500
* જેમાં એન્કર દ્વારા આપની બીઝનેસ સ્કીપ્ટ રજુ કરાશે.
* 50k view ની અમારી ગેરેંટી
* ઈન્સ્ટાગ્રામ પર બુસ્ટીંગ પેઈજ
* કે.ડી. ન્યુઝ તથા કેમ છો અમરેલીના પેઈજ પર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ
* પ્રકાશ એપમાં નોટીફીકેશન
રૂા. 6500
* ડ્રોન શુટીંગ
* 50k view ની અમારી ગેરેંટી
* ઈન્સ્ટાગ્રામ પર બુસ્ટીંગ પેઈજ
* કે.ડી. ન્યુઝ તથા કેમ છો અમરેલીના પેઈજ પર કોલોબ્રેશન
* કે.ડી. ન્યુઝ દ્વારા 100+ વોટ્સએપ ગ્રુપમાં માર્કેટીંગ
* પ્રકાશ એપમાં નોટીફીકેશન
પ્રિન્ટ * ડિજીટલ * વિડીયો
સર્વશ્રેષ્ઠ માર્કેટીંગ સાથેનું પ્લેટફોર્મ પ્રોવાઈડ કરતુ સ્થળ એટલે...
પ્રકાશ પ્રિન્ટર્સ
97246 61561
રાજદરબારગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા.

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વિષય -ધાર ગામે વિનામૂલ્યે આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પનુ આયોજન કરવામાં આવેલ







સાવરકુંડલા તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડૉ. મીના સાહેબ તથા તાલુકા સુપરવાઈઝર શ્રી સંજયભાઈ મેહતા તથા જુનાસાવર phc mo ડૉ. જયદીપ સાહેબ તથા સુપરવાઈઝર શ્રી ઈલ્યાસભાઈ રાઠોડ ના માર્ગદર્શન હેઠળ વિનામૂલ્યે આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ કરવામાં આવેલ. જેમાં તમામ રોગો જેવાકે, ચામડીના, શ્વાસ, સંધિવાત, પેટનારોગો , સ્ત્રીરોગ,બાળરોગ, ડાયાબિટીસ વગેરે નુ આયુર્વેદ પદ્ધતિથી નિદાન કરી વિનામૂલ્યે દવાઓ નુ વિતરણ કરવામાં આવ્યું. નિદાનકરનાર MO શ્રી ડૉ. કે. બી. ગોંડલીયા તથા MO શ્રી ડૉ દેવેન્દ્ર ચૌહાણ અને ધાર ગામ ના સરપંચ શ્રી, હંસાબેન કાકડિયા તથા ઉપસરપંચ શ્રી, યોગેશભાઈ ખુમાણ ના ખુબજ સાથ સહકાર થી આ કેમ્પ ને સફળ બનાવી સહયોગ આપેલ અને ધાર ગામનો નો સ્ટાફ MPHW નિકુંજભાઈ સાથે CHO મલયભાઈ ANM એકતાબેન સાથે આશા નયનાબેન જેઓએ ભારે જહેમત ઉઠાવી ગામના લોકોને બહોળી સંખ્યામા આ કેમ્પ નો લાભ અપાવ્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વિકાસ સપ્તાહની ઉજવણી

## અમરેલી જિલ્લાકક્ષા અને તાલુકા કક્ષાએ તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબરના રોજ કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૫ના કાર્યક્રમો યોજાશે

## જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ

અમરેલી તા. ૦૮ ઓક્ટોબર,૨૦૨૫ (બુધવાર) રાજ્ય સરકાર દ્વારા વિકાસ સપ્તાહ ઉજવણીના ભાગરૂપે આગામી તા. ૧૪ અને ૧૫ ઓક્ટોબર,૨૦૨૫ના રોજ રાજ્યવ્યાપી કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૫ની ઉજવણીના કાર્યક્રમો યોજાશે. આ અંતર્ગત અમરેલી જિલ્લાકક્ષા અને તાલુકા કક્ષાએ પણ કાર્યક્રમ યોજાશે. જિલ્લા સેવા સદન અમરેલી ખાતે જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને જિલ્લા અમલીકરણ સમિતિની બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રાંત અધિકારીશ્રીઓ વર્ચ્યુઅલ રીતે જોડાયા હતા. જિલ્લા કક્ષા અને તાલુકા કક્ષાના કાર્યક્રમોનું સુચારું રીતે આયોજન હાથ ધરવા માટે ઉપસ્થિત સંબંધિત અધિકારીશ્રીઓને માર્ગદર્શન પુરું પાડ્યું હતુ અને ઉપયોગી વિવિધ સૂચનાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે, કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૫ના બે દિવસીય કાર્યક્રમ અંતર્ગત પ્રથમ દિવસે કૃષિ વૈજ્ઞાનિક, કૃષિ નિષ્ણાત દ્વારા સસ્ટેનેબલ ફાર્મિંગ, રાસાયણિક ખાતરના કાર્યક્ષમ ઉપયોગ, પ્રાકૃતિક ખેતી દ્વારા ઓર્ગેનિક કાર્બનમાં વધારો, બાગાયત પાકોમાં નવીનતમ ટેક્નોલોજી જેવા વિવિધ વિષયો અંગે માર્ગદર્શન પુરુ પાડવામાં આવશે. પ્રગતિશીલ ખેડૂતો દ્વારા સંવાદ, વકતવ્ય, ગોષ્ઠી, ખેડૂતો અને પશુપાલકોનું સન્માન, લાભાર્થી ખેડૂતોને વિવિધ સહાયનું વિતરણ, કૃષિ પ્રદર્શન, પશુ આરોગ્ય મેળાનું આયોજન હાથ ધરવામાં આવશે. કાર્યક્રમની ઉજવણીના દ્વિતીય દિવસે પ્રાકૃતિક કૃષિ પ્રદર્શન, ખેડૂતો દ્વારા પ્રાકૃતિક કૃષિના મોડેલ ફાર્મની મુલાકાત સહિતના કાર્યક્રમ યોજાશે. ઉલ્લેખનીય છે કે, જિલ્લાકક્ષાએ તેમજ તાલુકાકક્ષાએ કાર્યક્રમના સુચારું આયોજન અર્થે જિલ્લા અમલીકરણ સમિતિ અને તાલુકા અમલીકરણ સમિતિની રચના કરવામાં આવી છે. કાર્યક્રમ સ્થળે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોના સ્ટોલ, બાગાયતી ખેત પેદાશોનું પ્રદર્શન, શ્રી અન્ન અંતર્ગત ખેડૂતો દ્વારા તૈયાર કરેલ વિવિધ વાનગીઓના પ્રદર્શન અને વેચાણ, એફ.પી.ઓના પ્રદર્શન સ્ટોલ, નવીન ટેક્નોલોજીના આકર્ષણો જેવા કે ડ્રોન ટેક્નોલોજી સહિતના સ્ટોલ ઉભા કરવામાં આવશે. જિલ્લા અમલીકરણ સમિતિની બેઠકમાં જિલ્લા સ્તરે અને તાલુકા સ્તરે કૃષિ વિષયક વિવિધ સરકારી યોજનાઓ હેઠળની લાભાર્થી અરજદારોની અરજીઓ પેન્ડિંગ ન રહે તે બાબતે ત્વરાએ અરજીના નિકાલની સૂચનાઓ જિલ્લા કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીશ્રીઓને આપી હતી. કૃષિ વિકાસ દિન-૨૦૨૫ તેમજ રવિ કૃષિ મહોત્સવ ૨૦૨૫ જિલ્લા અમલીકરણ સમિતિની બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી પરિમલ પંડ્યા, નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અર્પણ ચાવડા, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી કાનાણી સહિતના સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 08/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

## લાઈવ કેક
માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં કેક તેમજ
ડેકોરેશનનું એકમાત્ર
વિશ્વાસ પાત્ર સ્થળ



# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 08/10/2025
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# HAPPY BIRTHDAY



## દિશાંત પી કારીયા
## ચલાલા

HAPPY BIRTHDAY

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS


તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. **94997 97973** માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





08/10/25
Wednesday

आत्मा

"टेक्सी ड्रायव्हर" कैसा भी हो हम स्विकार करते ही है, टेक्सी ड्रायव्हर के कारण टेक्सी नही बदलते है।

बाबास्वामी
8/10/2025

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




ભાઈ વિમાનમાં પૂછપરછ વિભાગ કઈ જગ્યાએ હોય?
ચિન્ટુ: લગભગ એરપોર્ટમાં હોય.

એક ભાઈ નીચે બેઠા બેઠા જમીન ઉપર દવા પીતા હતા કોઈકે કીધું કેમ ભાઈ આવી રીતે દવા પીવો છો તો જવાબ મળ્યો ડોક્ટરે કીધું છે જમીને દવા પીવાની...

કાલે તેરેનામ પિક્ચર જોયું તો સાલું મારું નામ ભુલાઈ ગયું...

તારીખ : 08/10/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 8 ઓક્ટોબર
# મહત્વની ઘટનાઓ

૨૦૦૯ –
ગુજરાતી વિકિપીડિયામાં લેખોની સંખ્યા ૧૦,૦૦૦ને પાર કરી.

**જન્મ**

૧૯૪૫ –
મ. કુ. બા શ્રી રોહિણીકુંવરબા સાહિબા[કોણ?], કચ્છના પૂર્વ મહારાણી

૧૯૫૧ –
પ્રસાદ બ્રહ્મભટ્ટ, ગુજરાતી વિવેચક, સાહિત્યિક ઈતિહાસકાર અને ચરિત્રકાર

**અવસાન**

૧૬૫૭ –
દિલરાસ બાનો બેગમ, મુઘલ રાજવંશના છેલ્લા મહત્વના બાદશાહ ઔરંગઝેબના પહેલા અને મુખ્ય પત્ની (જ. ૧૬૨૨)

૧૯૩૬ –
પ્રેમચંદ, હિન્દી અને ઉર્દુ સાહિત્યના લેખક, વાર્તાકાર અને સમાજસેવક (જ. ૧૮૮૦)

૧૯૭૯ –
જયપ્રકાશ નારાયણ, જે પી અથવા લોકનાયક તરીકે જાણીતા ભારતીય સ્વતંત્રતા સેનાની, સિદ્ધાંતકારી, સમાજવાદી અને રાજનેતા (જ. ૧૯૦૨)

૨૦૧૨ –
નવલકિશોર શર્મા, ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ રાજ્યપાલ (જ. ૧૯૨૫)

**તહેવારો અને ઉજવણીઓ**

ભારતીય વાયુસેના દિવસ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## વ્યાપારી માટે




**હોલસેલ** ભાવે

નાની-મોટી

**ચીઠ્ઠી બુક**

## વિદ્યાર્થીઓ માટે

**રફ ચોપડા**



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 08/10/2025

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

**CLICK HEAR**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 08/10/2025

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો કે.ડી ન્યૂઝ સાથે...




## સંપર્ક : મો. 9499797973